દીવાળીના દીવા

યાને

ગ્રાંટ રોડની મુસાફરી ખ્યાલ ૧.

અફસોસ અરે અફસોસ બંધુઓ, કુદરતની છે બલિહારી;
સોબતના પરિણામ બળે, આ જગત વિષે થઇ છે ખ્વારી.
કારણ પુછો કોઇ અમોને, ખુલ્લિ વાત મુખે કહીશું;
કુમાર્ગમાં કોઇ વિચરનારના, સાથી બનવા નહિં દઇશું.
ખ્યાલ કરો કોઇ નજર કરો, આ દુઃખરૂપી કેવી દુનિયા;
ધર્મ પત્નિઓ રખડાવી, વેશ્યા નિવાસમાં જઇ વસીયા.
ખમીસ જાકિટ બુટ કોલરો, સાઇકલ કેપ શિરે ધારી;
સેંટ લવંડર ગુલાબ છાંટયું, સુગંધમાં પણ હદ વાળી.
બની શેઠીયા વિષય નગરના, મુસાફરી કરવા ચાલ્યા;
ગીની ત્રણ નાખી ખીસામાં મુછ મરડતાં મેં ભાળ્યા.
આના ચાર તણી ગાડીમાં, ગ્રાંટરોડ પર જઇ અટકયા;
ખાધું ખરચ્યું પીલહાઉસમાં ને, પછી નાટકોમાં સટકયા.
બે રૂપિઆની ટિકીટ લઇને, થીયેટરોમાં કેદ પડયા;
વાટ જુવે છે ઘરવાલી અહિં, નાટકના ખેલોજ નડયા.
છતાં હજુતો ગરમ ખિસાનો, પૂરો દાટ વળ્યોજ નહિ;
ગુણીકા નૃત્ય વિષે જઇ બેઠાં, શરમ મુલતવી ત્યાંજ રહી.

બહોત દિવસકા બડા પ્યારથા, મુઝે નિંદ નહિં આતિથી;
બાત પ્યારકી બહુત કઠીન હય, વો ચીજાં મએં ગાતીથી.
શેઠ કહે અએ પ્યારિજાન, અબ ગાના કુછ સુનબાતિ હય;
દિલ ખુશ કર યહ આશકકા, કયા મઝા પવનકી આતિ હય.
ગઝલ ઠુમરી તાલ દાદરા, બલા દૂર ભૈરવીયોંકી;
સારંગી તબલા બજતી હય, પ્યારિ બન ગઈ આશકકી.
એ ગીનીનો ખર્ચ કરીને, પછી એવા નર પસ્તાયા;
પીત્રુ તર્પણ કર્યું પ્રેમથી, શોખીન જનમાં પંકાયા.
ગયા શ્રાધમાં કસર હતી તે, પૂર્ણ કરી અહિંયાં પ્રિતે;
માનવ જન્મ તણુ સાર્થક સૌ, થયું આજ સહુ એ રીતે.
ચરણુ વગરના હાથ વિનાના, અપંગ પણ છે કે દુખીયા;
સિંગલ પૈ પણ અપાય નહીં ને થવું અમોને છે સુખીયા.
ઘરો ત્રુટસે ચોર લુંટસે, અગર મૂળ વ્યાધિ થાશે;
એમાંથી ફળ એજ થવાના, નહિતો કાલ તુરત ખાશે.
ભવસાગરમાંથી તરવાનો, ઉપાય યત્ન કરી શોધો;
વ્યર્થ કાર્યમાં વખત ગુમાવો, શું કરવી તેની નોંધો.
જઈશ પલકમાં અરે બંધવા, તેનો તું કંઈ વિચાર કર;
કિર્તિ અમર કરી લે જગમાં, પ્રભુ નામ લઈને તું તર,
ઉસ્તાદોંકી યેહી ફર્જ સબ, કરકે અદા હમ દિખલાતે;
યેહી બાંચનેસે જીવોંકે, પાપ સબહિં યું કટ જાતે.

રહેને વાલે કચ્છ પ્રાંતકે, શહર માંડવી બાજત હય;
ભાગલીચોંકી પીછાન રખના, હરી કૃપા હો જાતિ હય.

વખતનો વરઘોડો
યાને
શરાબ વિષે ખ્યાલ ૨.

શરાબ જેવી ખરાબ વસ્તુ, નવ દીઠી જગમાં કયાંહીં;
વાઇન બાટલી વિશે વર્ણવું, ધ્યાન કરો હિંદુભાઈ.

શિવ, શિવ આ શું થયું અરે રે, ગ્લાસ ભરી પીવા માંડયા;
સ્વર્ગ તણું સુખ તજી પૂર્વજો, હાહાકાર કરવા લાગ્યા.

દશા થાય છે પીનારાની કથન કરૂં તે સાંભળીએ;
વાટ ઘાટમાં પડયા કદીતો, ઓચિંતા એથી મરિએ.

શીવાય હમસે બડા અભીતક, પયદા જગમે હુવા નહિં;
પહેલવાન પીછે હટ જાવે, કદર કરો સર્જન તુમહિં.

પહેરન ધોતી ઔર દુપટ્ટા, ફેંટા ભી બરબાદ ગયા;
કીસમતમેં કયા લીખા હમારે, ખીસેમેં દમડી ન રહા.

અગોબાઈ હા કોહુન આલા, હાતાત કાઠી ઘેવુનશી;
ઇકડે તિકડે બઘત રાહિલી, ઉફ્ટ ઘાતલી ડાકીશી.

વ્યસનોથી વાકેફ થયેલી, ગુજરાતન કહેવા લાગી;
વ્યમ પીટીયા કંઇ દિવસ ફર્યાં છે, નફટ નિરંકુશ જા ભાગી.
આ વખતે કોઈ હોત બીજો તો, યથા યોગ્ય સુખ દેખાડું;
પતિ શબ્દ એ મહા તિવ્ર છે, ભવ આખું હું કયાં બાળું.
આ સંબંધમાં આજ પછી જો, અવાજ કંઇ કાને પડશે;
દેખાડી હું દઈશ ખરેખર, વચન કદાપી નાં ટળશે.
ઓમાં ઓમાં મૂક અલી, કહીને બૈરીનો હાથ ધર્યો;
બની દિગંબર નૃત્ય આદર્યું, સ્વાદ ગ્રહણ કેવોજ કર્યો.
ધર્મ ગુરૂની સોગન ખાધી, કાશીમાં જઇને નાહ્યા;
છતાં પાપ કંઈ ના ધોવાયું, અંતરમાં બહુ પસ્તાયા.
ઉલટી સુલટી રીત આદરી, ફજેત ફેનસીએ કીધાં;
લાજ ગુમાવી સર્વ જગોએ, ફળ એમાંથી એ લીધાં.
પૂર્ણ ખ્યાલ સૌ થયો અમારો, ઇનામ દેવા યત્ન કરો;
પ્રસાદ છે આ ગુરૂ કૃપાનો, ઉમેદ સૌ મનમાંજ ધરો.
આ પ્રયોગના પચાસ કાગળ, દેશાવર લઈ મોકલશે;
તે જીવોને ટુંક મુદતમાં, સંતતિનું સુખ પ્રાપ્ત થશે.
કલકત્તા દિલ્હી લખનૌ, પંજાબ મુલ્ક દેખા સારા;
અમદાબાદ બડોદા સુરત, કોકણભી સબસેં ન્યારા.
કચ્છમાંડવી છોડ દઇ, અબ બંબઇ શહર બસાયા હય;
ઉસ્તાદ ગુરૂ જમીયતકા ચેલા, વોહી બનાને વાલા હય.

કલજુગનો મહીમા

યાને

ચાલુ જમાના વિષે ખ્યાલ ૩.

કલજુગ આવ્યો ખરેખરો, ચેતીને ચાલો સૌ ભાઇ;
ધર્મ બીચારો થયો પાંગળો, ડહાપણ સૌ દમડા માંહીં.

દાંત વિનાનાં ચડે ઘોડલે, જુવાન ઘર ઘર ભટકે છે,
રાંડ રૂપાળી ખરે બપોરે, સાધન કરવા સટકે છે.

માત પીતાનું કહ્યું ન માને, પૂત કપૂત કહાવે છે;
આવું છું આવું છું કહિને, મશ્કરિમાંજ ઉડાવે છે.

પચાસ બીડી પીએ પીતાતો, દશ નક્કિ પુત્રો પીશે;
છેવટ ગાડું પંદર પરથી, અઢાર થઇ આવે વીશે.

દુર્બળ અંતઃકરણ છે જેનું, વ્યસનોમાંજ રહે વધતાં;
સ્રીઓ સેવવા પરપતિ લાગી, એજ પાપ અહિંયાં નડતાં.

સ્ટેન્ડર બાર થયાની કેડે, પુરૂષ રખડવા જે જાશે;
તુર્તજ ઘૃતની બરણી ખોલી, બીલ્લી ઘી ચાટી જાશે.

સ્રીનો વાંક ગણો છો શાનો, ઉંઘેલી તે શું જાણે;
શેઠ દુકાને હોય નહિંતો, ચાકર મોજ સુખે માણે.

નાશીકકર નાગોબા આલે, ભટ્ટ મહા વિદ્વાન ઘરી;
બસાવયાલા આસન દિલે, શાસ્ત્ર મ્હણાવે કાય તરી.
દ્રષ્ટિસ પડલી તંબાકુ, મગ વૃત્તિ ગેલી ત્યાજ વરી;
મહારાજાંચી ધીર સૂટલી, વાસ્તવિક હી ગોષ્ઠ ખરી.
હી શેઠાણી સુરેખ આહે, જર ભીળેલ તર ફાર બરે;
પંતોજીચી મરજી ઝાલી, મુર્ખ જગતલા કાય કળે.
ધુર્ત પ્રમાદી પ્રગટ બળદીઆ, કહ્યું તેમનું શું કરવું;
ભીતર હોય કદી જો ચોખ્ખા, ધ્યાન સુખે તેનું ધરવું.
સુકેઝ મુંઝી ખબર નતીપય, આંઉં તવાંકે કુઇ સ્વાંતો;
ઉથી સવારો વિછાણમ્યાંથી, ગાની સાગ શીરાંઇઆંતો.
ગાયત્રીઝી ઉપાસના પણ, નાઇધોઇને કો કરીઉં;
લડું ઝિલેબી ખાઝા ઘેવર, માલ મલીદા કો છડીઉં.
સત જુગ ત્રેતા દ્વાપરમાં ફળ, જે મળતું તપ આદિથી;
તે આ જુગમાં તુર્ત મલે છે, ફકત પ્રભુ ભજનાદીથી.
દિલોજાન સબ દોસ્ત હમારે, સુનો સુનો અબ યહ બાતા;
કરની વૈસી ભરની ઇસમેં, ઇશ્વરકાભી કયા જાતા.
ખ્યાલ બનાકે હમ દિખલાતે, સંત પુરૂષ વો જાનત હય;
જયરામ કવી ભાગલીઆ દ્યાંપર, ઐસી મોજ ઉડાતે હય.

લક્કડકા લડ્ડુ

યાને

પરણેલાનો પસ્તાવો. ખ્યાલ. ૪.

પ્રથમ કુંવારો કહેતો તો કે, પરણેલા સુખ માંણે છે;
પરણ્યા બાદ હકીકત થઇ તે, પોતે જુવો વખાણે છે.

ગ્રહસ્થ કહે છે મહારાજ આ, ગાડું તો બહુ છે મ્હોટું;
રોજ ઉઠીને રાંડ સતાવે, પૈસા ખાતર તે ખોટું.

ત્રીસ રૂપૈયા પગાર તેમાં, સાત ભર્યું ઘરનું ભાડું;
પાકીટ ખર્ચ તણા દશ કાઢી, નક્કિ તેર ગણી વારૂં.

દાણા વાળો શીવજી આવ્યો, રૂપીયા દશ તેને જાશે;
બાકીના ત્રણ રહ્યા તેમાંથી, દાગીના ક્યાંથી થાશે.

જુવાન બૈરી કહે છે એવું, શા માટે પરણ્યા વારૂં;
ઓળખતા મુજને શું નહોતા, નામ છબીલી છે મારૂં.

ફક્ત લોહીની હું ભુખી છું, બીજું કામ નથી મારે;
કશબી સાડી નહિ લાવો તો, આ ઉઠી ચાલી બહારે.

અરે ગધેડી વિચાર કરતું, છાયલનાં તો છે વાંધા;
હું ધોતી પહેરૂં છું તેમાં, જુવો કેટલા છે સાંધા.

સ્વામીનાથ તમે સાચા છો, સૈયર મારી પહેરે છે;
જુઓ ધણી એનો છે કેવો, ચાર બળદને ખેડે છે,
છતાં રોજનાં દસ દસ રૂપીયા, બુદ્ધો નિત્ય કમાવે છે;
ઘર બેઠાં બૈરીને કેવા, ઉત્તમ લાડ લડાવે છે.
દેખ્યું કંઈજ નથી મેં ક્યાં પણ, ટીકીટ કહો છો તે કેવી;
નાટક જોવા જૈશ આજ હું, નહિં તો લાજ નથી રહેવી.
માંડ માંડ હું ઘરમાં આવ્યો, ભુખ કકડતી છે લાગી;
રાંધ્યું સીંધ્યું કંઈજ નથી ને, સતાવતી છે આ નાગી.
બેચર કહે છે જુવો બાપજી, દેવો મુજને મારે છે;
સમજાવી સમજાવી થાકયો, છતાં બૂમ એ પાડે છે.
ખાવું પીવું રહ્યું બાજુએ, કવરાવે છે સો ઘરમાં;
આ દુઃખથી તો મરવું સારૂં, કુવો આપણા છે થડમાં.
જુવો ભાઈ આ ગ્રહસ્થાશ્રમને, લક્કડના લાડુ જેવો;
ખાધા તેતો પસ્તાયાને, અણુસમજુ કહે છે કેવો.
પરમારથમાં પૈસો દેતાં, કેવો હાથ ધ્રુજાવે છેઃ
ફક્ત એક નખરાની અંદર, રૂપીઓ રાંડ પડાવે છે.
ગુરૂ ચરનકા ધ્યાન લગાકે, બૈઠત હું નીજ આસનપેં;
કીંવાર ખુલજાતે ભીતર કે; પ્રકાશ હોતા હય પલમેં.
દર્શનકી અભીલાશ પુર્ણ, કર કે ચરનોમેં પડતે હય;
જયરામ કવીકું હુકમ ભયાસો, પ્રગટ જગતમેં કરતે હય.

પ્રકાશિત મણી

યાને

પરમારથ બોધ. ખ્યાલ. ૫.

પરમારથ સમ પુન્ય કયું છે, બતાવનારો છે કોઇ;
દાતારો બહુ દાન કરે છે, કૃપણ બળે છે તે જોઇ.
ખાઓ પીઓને પહેરો ઓઢો, એ તો રીત ઘણી સારી;
વ્યસનોમાં જે વખત જાય છે, ફક્ત એટલી છે ખ્વારી,
કોઇ પીચે છે ચરસ ચીલમમાં કોઇ પીચે સુકો ગાંજો;
કોઇ પીચે છે બીડી બલમાં, બીજું હું કહેતાં લાજ્યો.
કઇક દીઠાં મેં અવાજ કરતાં, પીયો પીયો ગાંજેકી કલી;
જો નહિં પીવે યહ ગાંજા વો, લડકેસેં લડકીજ ભલી.
કૈસી મઝા અભી આતી હય, કરકે નીશા કબહું દેખો;
બડા સ્વાદ આતા હય ઇસમેં, ગયું જનમ સુધરી લેખો.
પોત પોતાની નાત વધારે, તમો પડો છો કાં તેમાં;
ખાંસી દમ બલકે બહુ રોગો, પ્રગટ રહેલા છે જેમાં.
પરમારથને કાજ શંકરે, ઝેર હલાહલ છે પીધું;
પરમારથ પર પ્રીત હતી તો, દધિચિયે અસ્તિ દીધું.
રાજા કરણ સમો કોઈ દાતા, થયો નથી કોઇ નવ થાશે;
વિક્રમ આદી થયાં રાજવી, પ્રગટ થશે તે પરખાશે.

આંબો વડ પીંપળ આદી સૌ, વૃક્ષ બનાવ્યા શું કરવા;
વટે માર્ગુઓ શ્રમિત થાય તો, થાક દુર તેના કરવા.
ઇશ્વરનો ઉપકાર વર્ણવી, મહંત પણ શકતાજ નથી;
તો હું પામર અલ્પ જીવ તે, કહી શકું શું આ મુખથી.
સમુદ્ર મંથન સમય પ્રભુએ, કમઠ રૂપ ધારણ કરીયું;
મત્સ્ય બન્યા મોહનજી પોતે, રૂષી નાવ માથે ધરીયું.
મુરલીધરનો મહિમાં મોટો, ગોવિંદ થઇ ગાયો ચારી;
મુષ્ટિક ચાણુંર મલ્લ હરાવી, મામો પણ નાખ્યો મારી.
સીતા રામ અને લક્ષ્મણજી, ચૌદ વરસ વનમાં રહિને;
અનેક દળ રાક્ષસનાં માર્યાં, લંકા હાથ કરિ જઈને.
રાજ્ય વિભીષણને ત્યાં દિધું, હનુમાન શીર હાથ ધર્યો;
અવધપુરીમાં આનંદ વર્ત્યો, પરમારથ પરકાશ કર્યો.
આ કવિતાનો પાઠ નિરંતર, શ્રદ્ધાથી કરશે મનમાં;
પુર્વ જન્મના પાપ મટાડી, પ્રખ્યાતી પામે જનમાં.
ચોદાસેં ચાળીસ ગાંવમેં, મુખ્ય શહેર મસ્કા મંડી;
નલિયા ઔર કુઠારા મુંદ્રા, મઉંકી હવા બડી ઠંડી.
સ્વારી દેખન ચલો સાથમેં, શ્રી ભુજ નગર બડા બંકા;
મહારાવ ખેંગાર સવાઇ, બહાદુરકા બાજત ડંકા.
બહુત મુલક હમ ઘુંમત ઘુંમત, હાંપર સ્થાન જમાયા હય;
શીવ પ્રસાદ સુત ઇષ્ટ ગુરૂ, જમિયતકા ધ્યાન લગાયા હય,

ફેશનેબલનો ફજેતો

યાને

અમથા કાકા એન્ડ ભોળી ભત્રીજીનો સંવાદ—કવાલી.

મારાસમ જઇશમાં આધી, શ્રવણકર વાત આ થોડી,
કયા કુળમાં પ્રગટ થઇ છો, જરા સમઝાવને છોડી. મારાસમ.

પુછો છો શું અરે કાકા, અમારા છે અહો વાંકા;
પીતા પરખાય કે રીતે, માતા નામે મદન ગૌરી. મારાસમ.

દેખા દેખી થવા લાગી, પુરાતન રીત ગઇ ભાગી;
અરધ પલ્લવ રહે ખુલ્લા, એવી અમને ગમે ચોળી. મારાસમ.

ગોકુળમાંની હતી ગોપી, શીખી ભરવા હવે ટોપી;
જરી હાટે જવા લાગી, બંડલ નાખ્યાં બધા તોડી. મારાસમ.

એતો જાહેર થઇ ચુકયું, ગળાશે કેમ આ થુકયું;
પરિણામો થશે કેવા, હવે કહું છું બધું ફોડી. મારાસમ.

મુકી તેં ઘાઘરો દિધો, નટીનો વેશ પણ લીધો;
હજુ કંઇ હોય જો બાકી, કસર રાખીશમાં પોરી. મારાસમ.

દિવસ આવ્યા બહુ વસમાં, સુવર્ણેથી મઢા ચસ્મા;
વિલાતી બુટ પહેરીને, હવામાં જઇશ હું પોઢી. મારાસમ.

રૂપાળી છે બહુ ભારે, દેખી સૌ કાંકરા મારે;
ભુલેશ્વરના લત્તામાંથી, અલી તું જાય છે દોડી. મારાસમ.
સબૂરકર અએ બગીવાલા, કહાંતક જાયગા લાલા;
હુ પૈસેકા લીઆ ચીવડા, મગર દેખી નહિ ગોલી. મારાસમ.
થવાની ચાહે છે કયારે, જવું હાફીસમાં મારે;
અલ્યા રામા જરા જોની, હુંકારી કયાં ગઈ ઘોડી. મારાસમ.
વિચારીને જરા બોલો, આંખો બેઠાં તમો ચોળો;
તપાસીને જુવો પ્યારા, મળે છે કયાં સવા કોરી. મારાસમ.
ડરીને તો જરા ચાલો, વચન સૌ વેદનાં પાળો;
કહે જયરામ આખર તો, વિખરવાની જ છે જોડી. મારાસમ.

નં. ૨

શરીરો છે ઘડયાં કેવાં, અજબ કયાંની હશે માટી;
મોટા ઘરની અમો બૈરી, પકાવીશું નહિં ખાટી. શરીરો.
રાખી આપો હવે ભટ્ટો, તે પણ જોશે તદન લઠ્ઠો;
આપે ત્રણવાર રાંધીને, જમી ઉઠીશ મરડાતી. શરીરો.
ભઈઓ મુજને બહુ ભાવે, ગોકુળ મથુરા થકી આવે;
મને અચરજ બહુ લાગ્યું, ઘણી મજબુત છે લાઠી. શરીરો.

માથાં ત્રણવાર મેં કુટયાં, ત્યારે તો શેઠજી ઉઠયા;
દિવસના પણ રહ્યાં ઉંઘે, કરે છે કામ સૌ ઘાટી. શરીરો.

મતારો છે પીટયો અવળો, નથી શું જાણતા વારૂં.
દિવસ દશ બારની ભીતર, એનું નાખીશ હું વાટી. શરીરો.

ભણીશું વેલકમ જ્યારે, બનીશું ફ્રેનશી ત્યારે;
હીંડોળા ખાટ પર બેસી, દઈશું શેઠને દાટી. શરીરો.

બત્રીજી તું ખરી ભોળી, માગી ખા લે હવે ઝોળી;
કહે જયરામ જોયું કે શ્રીખંડો શું રહ્યા ચાટી. શરીરો.

અરબસ્તાની ચાબુક

યાને

કન્યા વિક્રય નિષેધક. ખ્યાલ. ૭

જનુની તારી કોણ હતી, કમજાત પ્રગટ થઇ તું કયાંથી;
ચાબુક મારો છે કેવો આ, અવાજ સાંભળ કાન વતી.

ફક્ત એક બસ છે તુજને તું, નાનકડી છો તે માટે;
બીજો લાગે એક કદી તો, જવું પડે ગાંધી હાટે.

બીજીની માફક સાહેબ હું, માર નથી ખાવાવાળી;
તેમ છતાં જો ગડબડ કરશો, પસ્તાસો અમથા ખાલી.

લાલચનો છે બાપ જુગારી, બે હજાર રૂપીયા લઇને;
કસાઇને કન્યા આપી છે, જુવો ઘરે તેના જઇને.

નામ તણું કંઇ કામ નથી, આ ખરી વાત કહુ છું તમને;
નહિં તો પીટયો વાટ ઘાટમાં, ગાળ દિયે છે તે અમને.

લાલચ મારી બેન પણી છે, એક સમય હું ત્યાં ગઇતી;
નખોદીયો કહેવાને લાગ્યો, રાતે વહુ કોની થઇતી.

લાલચ બેન કશું નવ બોલી, બુટ બુટથી ત્યાં મારી;
છતાં બીચારી હાંડો લઇને, ગઇ ભરવા નળમાં વારી.

પીતાજીએ પૈસા લીધાં છે, માટે સંકટ છે આવું,
ખબર પડી મુજને પાછળથી વાત બધી કહી સમજાવું.

લાલચને ઘરમાં ગોંધીને, બીજી સાથ ગયો ફરવા,
બ્રાન્ડી પી બેહોશ થયોને, હાથ ઘસી લાગ્યો મરવા.

ઉપાય કિધા બેન પણીયે, ન હોત તો બચતે શાનો,
આ ઉપકાર ખરો બૈરીનો, પછી ગમે તેવું માનો.

સાવિત્રિ કહે સ્વામીનાથને, ચાબુક તો તેવી ખાશે;
બાપ કુકર્મી હોય જેમનો, જોવું કંઇ ન પડે વાંસે.

કન્યા દાન કરો છો પોતે, રૂપીયા દાન લેવા માટે;
રૂધીર માંસના વજન પ્રમાણે સોનું તોળો છો કાંટે.

આર્ય ભુમીનો અંત આજથી, નક્કિ આવ્યો છે સમજો;
દીકરીયોનાં નાણા લઇને, જુગારીઓ સાથે રમજો.

હાબી હુબી ભરો ત્રીજોરી, પછી પૂળો તેનાં જોજો;
સટ્ટો પણ રમજો સૌ એમાં, બીજા પણ ઘરનાં ખોજો.

એમાંથી જો બચ્યો કદાપિ, રાંડો છે તુજને રડવા;
જો ન સાંપડયો આ પંજામાં, જાદુ મંત્ર જજે પઢવા.

કયા પાપનું આ ફળ છે તે, સમજ સમજ મનમાં ભાઇ;
રૂપીયા ઉપર હાથ ફીરાવો, એજ તમારી મરદાઇ.

પરવા હમ રખતે ન કીસીકી, ઇશ્વર દેતા હય સબકું;
કીડીસેં કુંજર તક દેખો, ચીંતા બડી રહત ઉનકું.

મહેનત કરકે પૈસા લેના, એહી બાત સબસેં અચ્છી;
જયરામ કવી યું કહત ભયેકી, લીખી બાત હમને સચ્ચિ.

ફાગણનો ફુલેકો

યાને

પૈસાની ખુમારી ખ્યાલ, ૮

પૈસા તું તો પરમેશ્વર છે, પગે પડે છે સૌ તારા;
તું હોવાથી માન મળે છે, મુર્ખ છતાં લાગે પ્યારા.

વરઘોડામાં ગયાં અમો ત્યાં, અચરજ એક નવું દિઠું;
ચસમાંનો ચલકાટ હોય તો, માન મલે તેને મીઠું,

ઠાઠ માઠથી છત્રી ચોરે, તેને કહેતું કોઇ નથી;
ગરિબડો ટોપી ગોતે છે, મારી નાંખ્યો બૂટવતી.

ફુલ તોરાને ગુલાબ અત્તર, પૈસા વાળાને દિધાં;
સૈયો છેડા જુવે સોનાના, ચલે જાવ કહે છે સીધાં,

નાલીયેરની બે જોડી, પૈસાવાળો પામે છે ત્યાં;
ગરિબને કોઇ દાદ ન આપે, માગે તો કહે છે ચલ જા.

વરઘોડાતો ઢોલ અને, વાજીંત્રોથી બહુ ગાજે છે;
પણ એક વાતની ખામી દેખું, તે કારણસર લાજે છે.

જ્ઞાતી બંધુ વાટ જુવે છે, નગર શેઠ છે મતવાલો;
વાડીમાં જમવાને જાશું, શીરો છે અમને વહાલો.

ઘરમાં શેઠ ગયા પરણીને, તંબુ તુર્ત ગયો ત્રુટી;
શીરોતો સુકાઇ ગયોને, અમથા ઢોલ રહ્યા કુટી.

ગોવે કરણી રાંડ નચાવી, પૈસાનું પાણી કીધું;
ઝગ મગાટ ઝુમ્મર પણ બાળ્યા, મુત્ર બળદનું અહિ પીધું.

ધન તારામાં ધુળ પડીને, કમાઈ ગઇ સળગી તારી;
અત્તરની શીશી ઉલટાવી, ગુલાબની કીધી ખ્વારી.

દશ દશ ડબ્બા ઘીનાં ફુટે, લાપસડીનાં લાંપ બળે;
મીઠાઇથી મોઢાંજો ભાંગે, શોભા તમને તોજ મળે.

ભાઇબંધના ઘર આખાને, માંડવળાથી માંડીને;
એ ટાણા જમવાને તેડો, નમતી રાખો દાંડીને.
લોકોના પૈસા લઈ લઇને, નામ લખી સૌના રાખ્યા;
આમંત્રણની વાટ જોઇને, દાળ ભાત ઘરનાં ચાખ્યા;
અપકિર્તિ થઇ આખા જગમાં, કયાં સુધી એ રહેવાની;
મોટા એટલા ખોટા, એવી છુટ મલી ત્યાં કહેવાની.
વચન અમારા શ્રવણ કરિને, ગર્વ કદિ પણ કરશો માં:
એક ઘડીનું બજાર છે આ, જશો કોણ જાણે છે કયાં.
શ્રીમંતો સૌ ગુરૂ કૃપાથી, પત્ર અમારો સાચવશે;
જયરામ કવિને આશા છે, કે અવશ્ય સમ દ્રષ્ટિ કરશે.

સીકકેદાર સોની

યાને

આસુરી સંપદા ખ્યાલ. ૯

સરમવગરના સ્વાદ ચાખ તું, દોરંગી આ દુનીયાનો,
બે બાજુથી ઢોલ વગાડે, કઈ રીતે તું તરવાનો.

કવડી કવડી જમા કરીને, પચાસમેં પુરાં કીધા;
લુંટારાનો ભય હોવાથી, કાગળીયા સાથે લીધા.
શરાફ મોટો સમજીને મેં, વ્યાજ તણી આશા રાખી;
મધનું ટીપું મેળવવમાં, મરી ગઇ પોતે માંખી.
જોશીજી જોતીશ જુવોની, નાણુ મળશે કે જાશે;
સુકયા ત્યારે કેમ ન પૂછયું, મુંબાદેવી છે પાસે.
ચમડી ગઇ તો ભલે જવાદો, દમડી નવ ખરચી કયારે;
વઉથી છાના પૈસા ચોરી, લોટામાં રાખ્યા જ્યારે.
એક દિવસ સાસુડી મારી, મરચાં લેવાને ગઇતી;
કોથમરી ચોરી ને લાવી, હડહડ પણ ઘરમાં થઇતી.
બે આના લઈ જાય બજારે, આનો એક બચાવે છે;
છતાં ચોરીયો ખુબ કરે છે, માટે લોક ડુબાવે છે.
મહારાજ કંઇ કરો તેમનું, આ લક્ષણ શું છે સારાં;
માથું કુટી રડી મરે છે, જતી નથી શ્રીજીદ્વારા.
જુગારીયોની સાથ રમીને, નાણાં બહુ ભેગાં કીધાં;
સટ્ટામાંથી મળ્યા પાંચસેં, તે પણ મેં સાથે લીધાં.
કાતર લઇને ખીસા કાપ્યા. તેની દશ નોટો આવી;
બજારમાં જઈ તાળું ફોડયું, નવી લગાડી નેં ચાવી.
બેંક વિષે બુડયા છો માટે, પાટી લઇ ફરજો કરમાં;
બે પૈસાની કરો મજુરી, મીઠાઇ લઈ ખાજો ઘરમાં;

અરધીના કંકુમાં તેં તો, રૂપીયા આઠ જમાવ્યા છે;
નાહ્યા ધોયા વગર કપાળે, જઇને ગંધ લગાવ્યા છે.
ભંગી ઢેડ અમો નવ જાણું, અરધો આપે તે સારો;
ન્યાય ચુકવે છે પરમેશ્વર, નક્કિ આ મનમાં ધારો,
સમજુ લોકો સોચ કરોમાં નીતી ધર્મ પૂરી પાળો;
અધીક તમોને દેશે એથી, પરમ કૃપાળુ છે વહાલો.
શ્રીમંતોકું કયા હય ઇસમેં, ગરીબકી ગરદન મારી;
હરામખોરી કીયા કીશીને, વો દુષ્ટોંકી બલીહારી.
હ્યાં પરસે તુમ મુક્ત ભયે, ઇનસાફ વહાંપર કયાં હોગા;
ઉસકાભી કુછ ખ્યાલ કરો તુમ, કયસા લેકર મેં ભાગા.
જમા ખરચકી બુક બડી હય, બુરાઇ સબ લીખકર લેતા;
ગુનેગાર જૈસા જો હોવે, યોગ્ય દંડ વાંકુ દેતા.
કચ્છ માંડવી ગાંવ હમારા, દરવાની હમ હવાંપરકે;
બંબઇકી બસ્તીમેં આયા, પ્રખ્યાતી અપની કરકે.

મઝેદાર મુરખો.

યાને

પીચકારી મહોત્સવ–ખ્યાલ. ૧૦

ભાગ્ય ખુલ્યા છે ભાઈ આપણા, સુદ પુનમની છે હોળી;
ફાગણમાં બહુ મઝા થાય છે, તે પૈકી કહું છું થોડી.
કેક ઠેકાણે ઉલટી સુલટી, પીચકારી બહુ પુટે છે;
કસ કસતી કસબી ચોળીનાં, બંધ બેવડા ત્રુટે છે.
સુંદર કપડા કબાટમાંથી, કામીનીયે શોધી કહાડયા;
અલંકારથી યુક્ત થઈને, આગળ પગ ભરવા માંડયા.
હોળી ખેલી આવેલી, બૈરીને લોક કહે છે શું;
વર્ણન વાંચી ઘોર અંધારૂં, ટળી જવા ઇચ્છું છું હું.
કઇ ગોપીને કયો કાન તે, યથા યોગ્ય ઈશ્વર જાણે;
નીયમો સઘળાં ત્યાગ કરીને, માથું કુટે છે પાણે.
જગદિશ્વરની પૂર્ણ કૃપા, થઇ છે નક્કિ એવું ધારૂં;
નહિતો સાઠ વરસની કેડે, પુત્ર અમો કયાંથી ભાળું
ઈશ્વર જેવા ચરિત્ર અમને, પ્રથમ કરી કોઇ દેખાડો;
પછી આંખ મીચી મુરગાઓ, રાંડ રંગથી ભીંજાડો.
કોમડીયો કમજાત કુકરમી, કને જાય છે શું કરવા;
નીશાન મારે છે તાકીને, પગે ગઇ તેને પડવા.

બે આંખોથી જોઇ રહ્યો છે, પરણેલો પોતે માટી;
ધોળે દિવસે માંજર આવી, જશે ઠીકરાં સો ચાટી.

લાજ વગરની બૈરી લાગી, હોળીની ગમ્મત જોવા;
બાર માસના પાપ હતા તે, અનુક્રમે લાગી ધોવા.

બુરાનપુરી સેલો અમ્મર, કહો અમો કયાંથી લાવું,
બે હાથે તાળી વાગે તો, લખ્યા પ્રમાણે પહેરાવું.

પડવાની પરસાદીમાં, લોકો સઉ રંગ ઉડાડે છે;
કચરો ગટર તણો ચુંથીને, કપડાં ખુબ બગાડે છે.

કેક છોકરા બીભત્સની ત્યાં, મોટી ધુમ મચાવે છે;
શરમ વગરની સ્ત્રીયો હોય તે, સાંભળવાને આવે છે.

જા ભાગી કહેતામાં સામે, આવે છે હસતી રમતી;
વિવેકવંતી હોય તેમને, આવી વાત નથી ગમતી.

મુળ ધણીમાં હોય ન મીઠું, બઇરીમાં કયાંથી આવે;
સંખ્યાબંધ જુવો મુંબઇમાં, સ્ત્રીઓ ધણીને ધમકાવે.

પતિ બીચારા કર્મ હીણુ તે, છતાં સ્વભાવે પણ થંડા;
સ્રીઓ તેમની કાં ન કરે, વ્યભિચાર તણા પાછળ ધંધા.

કલજુગમેં યહ પ્રગટ ભયે, દ્વાપરમેં ભી ગોકુલમેં થે;
કૃષ્ણ કનઇયા કહત ભયે જબ, ગોવનકું ચરવાતે થે.
ગોપી જીતની હતી વહાંપર, પ્રગટ ભઇ સબ બંબઇમેં;
જયરામ કવીને ખ્યાલ બનાયા, ચતુર સમજ અપને મનમેં.

ધી બૉમ્બે ગ્રેટ

ન્યુ

હીન્દુ હોટલ્સ લીમીટેડ—ખ્યાલ ૧૧

દુનીઆમાં આ નવું લાકડું, હોટલનું કયાંથી પેઠું;
ટેબલ ખુરશી પર બેશીને, જમી રહ્યાં છઇએ એઠું.
માત્ર વસ્તુની ટીપ જુઓ તો, સમક્ષમાં છે સુખદાઇ,
પંખો પાવરથી ચાલે છે, ન્યુ ફેશનની રૂશનાઇ.
આજુ બાજુ બે ખુરશીને, વચમાં ટેબલ માંડે છે;
ધન રાશીના હોય તેમને, તુર્ત ત્વરાથી રાંડે છે.
કોપ રકાબી કહ્યાં એટલે, પવિત્રતાની વાતજ શી;
ચારે ધામ કર્યાં છે એણે, તરવેણી તીરથ કાશી.
સેત બંધ રામેશ્વરથી તે, હરદવારની હદ્દ સુધી;
જગન્નાથ જમ ખીંડી થઇને, આગલ પર ગઇ છે કુદી.
મુંબઇ બુડી મોજ શોખમાં, નખોદ કાઢયું છે નટવે;
ઘરમાં લોટ નથી ખાવાને, રૂપીઆ બે તેને ખટવે.
હજામ આવ્યો હતો એક ત્યાં, શેઠ કહે ચલજા સાલા;
માંઝા ઉષ્ટા ગલાસ હોતા, ત્યાતચ તું પાની પ્યાલા.
પાણી પીવુન ઘર વિચારણે, કોણુ ગાવચા હા ધંધા;
શેઠ હોઉનશી નાહવી બનલા, મુકટ ચાલલા જા સીધા.

શેઠ ધર્મમાં ચુસ્ત હતા પણ, ઇલાજ શું અહીંઆ વારૂ;
તે દાહાડેથી ચાહ પીવાનું, હોટલમાં માંડી વાળ્યું.

કચ્છી માડુ હતા બે જણા, ખુરશી પર આવી બેઠા;
જબાન પરથી સીદ્ધ થયું કે, વગર દોઢીયે છે પેઠા.

ગરમ કાય તે સાંધ અમાલા, પાવશેર પુરી આના;
પવે બટાટી પાતલ ભાજી, બે સીંગલ લાવો ચહાના.

પૈસા ચાર હતા ખીસામાં, બીલ થયું નવ આનાનું;
હોટલ વાલે બટન ઉતાર્યાં, કામ કર્યું પસ્તાવાનું.

મુંબઇ વાલા થયા એટલે, ચાહ વિના તો નવ ચાલે;
બૈરીની બે ગાળો ખાશું, ભલે કરીને તે આલે.

ચલ જાવાદે ફ્રેન્ચ પુલપર, દોસ્તદારને મળવું છે;
ત્યાર બાદ શંકરના દરશન કરી, તુર્ત અહીં ફરવું છે.

ઘોડા વાળો મનમાં સમજ્યો, શેઠ ગયા છે ફરવાને;
શેઠાણી પણ પહેરી ઓઢી, જુઓ જાય છે ચરવાને.

મરદ લોગભી કૈસે દેખો, છિપકે છિનાલી કરતે હય;
ઔરતભી ફીર એહી તનાશે, ગલી ગલીમે ગીરતી હય.

માલ પરાયા હોય કીસીકા, અપના કરકે માનોગે;
જયરામ કવી યું કહત ભયે, તુમભી વૈસે ફલ પાવોગે.

દિલોજાન દોસ્ત

યાને

ઇશ્વર પાસે જીવની ફરીયાદ—ખ્યાલ ૧૨.

મનડું કહે છે પ્રભુ કને જઇ, શત્રુ પાંચ સતાવે છે;
મહારાજ કંઇ ઉપાય તેનો, આપ મગજમાં આવે છે.

પ્રથમ જીભને પુછયું ત્યારે, રસના શું કહેવા લાગી;
મનને ગમતી વસ્તુ સરવે, મુખથી હું લઉં છું માગી.

સ્વામી વાંક અમારો શું છે, બીજ બધું એ વાવે છે;
તાબેદાર અમો છું એના, એને કોણ સતાવે છે.

શ્રવણેંદ્રીયને કહયું પ્રભુએ, આ ફરીયાદી છે કેવી;
ફરજ બજાવું છું પોતાની, શા માટે તસ્દિ લેવી.

નાક કહે છે સૂણો પ્રભુજી, હું તો કંઇ કરતોજ નથી;
જે સ્થલમાં એ જાય અભાગી, દર્શાવું છું સર્વ ગતી.

મનને ભ્રષ્ટ થવાનું કારણ, આંખલડી કહીદે તારૂં;
નહિતો ફોડીસ તુર્ત તમોને, સંશય શું એમાં વારૂં.

મહારાજ મારે શું કરવું, ચંચલ છે એનીજ વૃતી;
દરશન જઇને નીત્ય કરે તો, મનાઈ મારી કંઇજ નથી.

ત્વચા કહે છે ઉન્મત થઇને, જ્યાં ત્યાં એજ ફીરાવે છે;
જ્ઞાન બતાવું છું હું તેનું, મારી ધૈર્ય મુકાવે છે.

અગ્નિમાં નાખે છે મુજને, બળી મરૂં છું હું પલમાં;
ઘોડા ગાડી તુર્ત ચલાવે, લગામ લેશો જો કરમાં.

બદમાસી મનની છે સરવે, ફરીયાદી આવ્યો કરવા;
તકસીરવાન ઠરે છે પોતે, આપો ઘઉં એને દળવા.

સખત કેદ નવ માસ તણી, ભોગવવી એમ કહ્યું જડજે;
કર્યાં કર્મ સૌ ભોગવ અહિંયાં, પછી ખુશી સાથે ફરજે.

હુકમ અમલમાં લાવ નહિં તો, મળ્યા ભોગ તું જાણ ખરૂં;
પડીશ જઈને ચોરાશીમાં, કદિ ન હું પણ હાથ ધરૂં.

કશી ન પીડા ધરવી એની, સખત દંડ એને દેવો;
ભક્તિ નીત્ય પ્રભુની કરવી, અન્ય માર્ગને કાં સેવો.

હશે કોણ લાવ્યું અહિં મુજને, મન વિચાર કરવા લાગ્યું
વેઠું છું સંકટ આ સરવે, વાગેલામાં છે વાગ્યું.

ભક્તિમાં કંઇ ભંગ પડ્યું છે, પરિણામ તેનાં આવ્યાં;
ભૂલીશ નહિ હું કદી તમોને, વ્યાધીમાં સીદને લાવ્યાં.

ભવસાગરમેં બડા દુઃખ હય, દછુ ન લગતા અણઅચ્છા;
ભાગલીયાં સું કહતભયેકી, તુહીં નાથ સબસે સચ્ચા.

કંત્રી સ્મોકીંગનો કીતાબ

યાને

તલ્લક બીડી વિષે—કવાલી. ૧૩.

પડી પાછળ જુવો કેવી, બીડી બદમાસ આ વારૂં;
તંબાકુના વ્યસનીયોની, પ્રસાદી છે નકી ધારૂં.–ટેક

ભોળા પણમાં ગયું ફાવી, કોણે તુજને અહીં લાવી;
કર્યાં છે ભ્રષ્ટ તેં અમને, નથી આ કૃત્ય કંઇ સારૂં.–પડી.

વ્યસન કેવું હશે તેની, ખબર અમને પ્રથમ નહોતી;
તપાસીને જદા જોયું, ગયું ચમકી હૃદય મારૂં–પડી.

દીસે આંખો સદા રાતી, ગળુ પણ જાય છે ફાટી;
બળે છે જીભ પણ અમથી, કઢાવ્યું કામ પરબારૂં.–પડી

ઓળખતો પણ નથી મુજને, ખરૂં કહું છું અલ્યા તુંજને;
ખાંસી દમની બીમારીમાં, જીવન તારૂં બધું ગાળું–પડી.

નથી કંઇ સ્વાદ પણ સારો, અમસ્તી કાં મુને બાળો:
તદન ગઇ છું હવે હારી, પ્રભુએ શું હશે ધાર્યું.–પડી.

બીડીનો બાપ છે જંગી, તમો તેના થયા સંગી;
રહ્યું શું પુછવું બાકી, પીયો પાણી જરા ટાઢું,–પડી.

મધર એની મરાઠણ છે, સગી સીસ્ટર કમાઠણતે;
જમે બેસી બધા ભાણે, તમોએ પણ હશે ભાળ્યું.–પડી.

તપાસો તો પડે નજરે, માટે કહું છું બીડી તજરે,
કવી જયરામના વચનો થકી, પદ મેળવો પ્યારૂં.-પડી

કવાલી

બીડી અમને બધી વાતે, પીડામાંથી મુકાવે છે,
અમો પીતા નથી જોકે, બગાસા ખુબ આવે છે.-ટેક

જરા ધીમાં રહો ભાઈ, કલેજું પણ જશે ખાઇ;
દેખાશે આંખથી ઝાંખું, ન ગાતાં કંઇજ ફાવે છે.-બીડી.

ધુમાડો નીકળે જ્યારે, કહે છે શું મુખે ત્યારે;
બીડી પીનાર પોતાના, બદનને પણ બગાડે છે.-બીડી.

બીડીનું નામ છે મોટું, ભલે લાગે જરા ખોટું;
શરીર સુધરી જશે ત્યારે, મજા કેવી ઉડાવે છે.-બીડી.

વચન મારા કહી પાળો, બીડીને છુટથી મારો:
કહે જયરામ તો અમને, બડો સંતોષ આવે છે.-બીડી.

જમાનાની જોગણ

યાને

પરમેશ્વરની પુતળી—કવાલી ૧૪.

વિષય લંપટ થયા લોકો, ઉત્પન્ન દુઃખ પણ થયું ત્યારે;
ન જાણે બેન કે બૈરી, સરિખું સર્વને ભાળે. ટેક૦

સુંદર મુખ રાંડનું દેખી, કરો છો શું રહ્યા શેખી;
રઝડતું કુતરૂં આવે, કદાપી ના નહિ પાડે. વિષય.

જમાનાના અરે લોકો, એમાં શું સ્વાદ છે નોખો;
મુકી દઇ રોટલી ઘરની, મીઠાઇ કાં જમો બહારે. વિષય.

પ્રથમ બહુ લાગશે મીઠી, પછી ગમશે નહિં દિઠી;
એમાંથી ભુખ નહિં ભાંગે, તેને તજશો તમો કયારે. વિષય.

દશાપણુ થાય છે કેવી, મુખે કહી ના શકું તેવી;
દુકાને લાગશે તાળા, નોટીસો આવશે જ્યારે. વિષય.

રમે છે રંગ પણ રાતે, ચાવે છે ગાલને દાંતે;
ભરાયું પેટ શું તેથી, પોતીકું ધર્મ કાં હારે. વિષય.

જુવે છે પુત્ર આ નીતી, વગાડે છે મુખે સીટી;
તેને કહો છો અલ્યા ચુપકર, પેઢી એકવિશને તારે. વિષય.

બૈરી વિધવા તુરત થાશે, નાણાં સૌ કુતરા ખાશે;
નરકનું દ્વાર છે ખુલ્લું, થશો દુ:ખીયા બહુ ભારે. વિષય.

તમારો ત્યાં ગુન્હો ઠરશે, કઢાઇ તેલની ચડશે;
તળે છે જેમ ભજીયાને, તેવી રીતે તુને બાળે. વિષય.

નથી પુઇ બા તણું ખેતર, સમજ મનમાં અરે મીંતર;
કહે જયરામ ઓ મૂરખ, જતો ના રાંડને દ્વારે. વિષય.

(દાસપરે દયા લાવો) એ રાગ. ૨

જોઇ રૂપાળી તું નારીરે, મોહિસમાં પ્યારા જોઇ રૂપાળી તું નારી.

હોઠ લાલને ગાલ ગુલાબી, પગમાં પહેરે કડલાં કાંબી;
વાળ્યું નખોદ ઝાંઝરના ઝમકારે ભારિરે. મોહિસમાં.

આંખો બે એની અણીયાળી, જગત લોક વસ છે કરનારી;
ભ્રકુટી બાણુ સખા તુજ માટે; રહી છે ધારિરે. મોહિસમાં.

પીન પયોધર જો પરખાયા, મર્દ મુછાળા કૈ લલચાયા;
એ ચંડાલણીયે જન કૈક, નંખાવ્યા મારિરે. મોહિસમાં.

વિસનખી વસમી છે ભારે, વજ્ર હોય તેને પણ ગાળે;
વગર મોતથી મરી, જવાની પાળિરે. મોહિસમાં.

પ્રથમ પરિનું રૂપ બતાવે, હિંમ્મત છેવટ સર્વ હઠાવે;
નથી એ અચલ તમારી, ભાઇઓ પ્યારિરે. મોહિસમાં.

જયરામ જગતને કહી સમઝાવે, માનવ દેહ ફરી નહિ આવે;
પડેલા જનો તણી થઇ છે, ખ્વારિ ખ્વારિરે, મોહિસમાં.

પતિ સેવાની પદ્ધતિ

યાને

સ્ત્રીઓનું કર્તવ્ય. ૧૫.

રાગ પુનમ ચાંદનીનો ગરબો.

એની માત પીતાએ, સોંપ્યો તેજ ધણી ખરોરે;
બીજા બધા જાણવા, પુરૂષો તે પાષાણ,
સહીયર પતી એજ પરમેશ્વર, છે સંસારમાંરે,

સાખી

વશ તેને વર્તિ રહો, સાચો એજ ઉપાય;
ધારણ આ વૃતને કરે, તે શાણી કહેવાય;
કારણ વગર જવું નહીં, બહાર કદી ઘરમાં થકીરે;
એથી ઘટે આપણો, માન અને મરજાદ–સહીયર.
કામકાજ ઘરના સહુ, કરવા તુર્ત તમામ;
દરિદ્રતા નવ રાખવી, સુફળ થશે સૌ કામ;
કુટલા સ્ત્રીની સાથે, વાત વિગત કરવી નહિરે;
બકવું નહિ છીદ્ર, ઘરમાનું તે પણ કયાંય.–સહીયર.
ધર્મ પત્નિએ ઉઠવું, ઉદય થતાંની વાર;
જળ ઉનું મુકયા પછી, સ્વચ્છ કરો ઘરબાર:

હાજર રહી સમયસર, નવરાવો શુભ રીતથીરે,
કરવી સામગ્રી, પુજાની સહુ તૈયાર.—સહીયર.
ભાત ભાતનાં ભોજનો, સમય સમય અનુસાર,
વિવિધ રચેલા રાયતા, દહિં દુધ ઘૃત સાર;
પીરસો પાપડ ભજીયા, વડા તળેલા તેલથીરે,
કેરી લીંબુ હળદી, ગુંદા ગરમર સાર-સહીયર.
પીરસો બેસી પાસમાં, કલેશ કરો સૌ દૂર.
એ રીતે જે વર્તશે, બેન ખરી બહાદૂર;
બીડા પાન સોપારી, દે પંખો કરમાં ધરીરે;
પ્રીતે પવન કરોતો, પતિ પ્રસન્ન થાય-સહીયર.
પતિ સેવાની પદ્ધતિ, પ્રગટ કરી આ ઠાર,
પ્રીતે વાંચે પ્રેમદા, તો સુધરે સંસાર;
માટે કૃપા કરીને વાંચો, જનુની પ્રીતથીરે;
એવા સત્ય વચન શુભ, કથન કરે જયરામ—સહીયર.

છક્કો પંજો

યાને

જુગાર વિષે ખ્યાલ ૧૬.

ઉફ્ફટમાર કોઇ ચાર જણા, મનમાં વિચાર કરવા લાગ્યા;
દિવસ છુટીનો ઠીક આજ છે, સ્ટેન્ડર દસ તો છે વાગ્યા.

કેમ દોસ્ત કંઇ હોય ખીસામાં, તો જુગાર આપણુ રમિયે;
વગર મફતનાં શું બેઠા છો, હોટલમાં ચાલો જમિયે.

બટનલાલ કહે બસો રૂપૈયા, જીત્યો છું સટ્ટામાંથી;
કપટલાલ કાવતરાંખોરે, કાઢયાં દસ ટોપીમાંથી.

ચોથા જણની તપાસ કરતાં, મુદ્દલ કંઇ ન મળે પાસે;
છેવટ હારી જશે એટલે, લીલામ બૈરીનું થાશે.

બહાદૂર બિલ્ડીંગ પાંચ માળપર, જુગાર રમવાને બેઠાં;
અવાજ કાને પડયો એટલે, સીપાઇ ત્રણ આવ્યા હેઠાં.

દેખો દેખો દોલતખાં, ક્યા અવાજ હાંપર આતા હય;
જુગારીયોંકા ખેલ હોયગા, બેશક માલુમ પડતા હય.

દરિયાંખાંએ બધા દોસ્તને, મુશ્કે ટાટ લીધા બાંધી,
પૈસા ટકા કબજ કરીને, ક્યાટ ઉપર મેલી કાંડી.

નવ્હરા મ્હણતો નવરિલાડી, ખર સાંગ તુ કોણાચી;
દમ અસેલ તર આહે તુઝીમી, નસેલ તર મગ દુસર્યાંચી.

બાપ કહે છે જુવો છોકરાં, જુગારીયોની આ ટોળી;
આ અવાજ ઉપરથી બીજા, પંદર જણ આવ્યા દોડી.

વાટે જાતાં વટે માર્ગુઓ, બૈરીને પુછે છે શું;
ત્રણ પુરૂષ સાથે છે તારી, તે પૈકી કોની છે તું.

નીચું મોઢું કરી બીચારી, રસ્તામાં રડવા લાગી;
ઉફટ મારની આ અબળાએ, પ્રાણ તુરત દિધાં ત્યાગી.

જામીન લીધા ચારે જણાના, લાજ આબરૂ પણ ખોઇ;
બેડી નાખી બટનલાલને, લોક રહ્યા સામું જોઈ.

બટનલાલની આ કીરતી, જન મંડલમાં જાહેર થઇ,
વેપારી જપતી લઇ આવ્યા, દુકાનની પણ લાજ ગઇ.

ત્રીજોરીયોના માલીક થઇને. જુગારીયો સાથે રમશે;
વીસ લાખની દોલતમાંથી, પાંચ લાખ ભાગ્યે રહેશે,

ડાહ્યો છે ડાહ્યો છે કહીને, રૂધીર પીયે છે સૌ તારૂં;
મુરખ મનમાં નથી સમજતો, શું દુનીયામાં છે મારૂં.

ખ્યાલ કવાલી અજબ રંગના, કહો ભાઇ તે કયાં મળશે;
સોલ અંક સંપૂર્ણ તણા, રચનાર કવી ભાગલીયા છે.

તેજસ્વિ તારૂણી

યાને

મુંબઇનો મશ્કરો ખ્યાલ. ૧૭.

શું ચટકો લાગ્યો છે તમને, નીત્ય ઉઠી જાવું બહારે;
હું અહીંયાં શું રહું એકલી, એજ પુછવું છે મારે.
વેપારિયોની સોબત મુકી, હરામીયો સાથે ફરવું;
એમાંથી શું ઠીક થશે કે, તે વિચાર પહેલે કરવું.
મુંબઇમાં આવ્યો હું ત્યાંથી, પાપ નડયા મુજને વહાલી;
રકમ બંધ પૈસો આવે, તે છતાં રહે ખીશા ખાલી.
સુવા પીટીયાં જા અહિંયાંથી, બેન મરિ ગઇ શું તારી;
ગાળ સાંખવી પડે અહરનીશ, ખોડ જાય છે કયાં મારી.
દૃષ્ટિથી હું પાપ કરૂં છું, વણતે જો જાશે ફુટી;
મારગમાંથી પડિસ ગટરમાં, જશે લોક મુજને લુંટી.
ઇશ્વર પાસે જઇશ તેવારે, શું તેવણ છોડી દેશે;
ગુન્હેગાર જાણીને મુજને, શીક્ષા ચાર ગણી કરશે.
ખોટા કર્મ કરોછો પોતે, જ્યાં ત્યાં સળગી ઉઠે છે;
હાય મુઠો કહીને મુખમાંથી, શીર પોતાનું કુટે છે.
કંયા કુદરતકી ખુબી દેખો, જોન પાપ યહ કરતે હય;
અનાજ ખાનેકુ નહિં મીલતા, ઝુર ઝુરકે સબ મરતે હય.

છક્કે પંજે કે પીછે યહુ, નવા અંક ભાગલીઓંકા;
તરેહવાર સબ બને હુવે, કયા હુકમ દેખલો માલીકકા.

કવાલી.

અરે જોશી જરા જોની, અમારા કર્મ છે કેવા;
રડું છું રાતને દહાડી, બળ્યા પીટ્યાજ આ હેવા.
જુવોની હાથ આ મારો, ઝંખુ દિન રાત હું પ્યારો;
મળે કયાંથી કહો તેવા, અમારા કર્મ છે કેવા.
તમો આવ્યા ભલે ભાઇ, બતાવો માર્ગ સુખદાઇ;
કરિશ હું આપની સેવા, અમારા કર્મ છે કેવા.
કહે જોશી અલી બાઇ, તમારી ભૂલ સપડાઇ;
વીધીના અંક છે એવા, અમારા કર્મ છે કેવા.
સુખે જયરામ ભજ તેને, વરિછે રાધીકા જેને;
મીઠાં છે શેરડી જેવા, અમારા કર્મ છે કેવા.

ઇશ્કી ટહુ

યાને

ફુલ ડ્રેસની ફીશીયારી ખ્યાલ. ૧૮.

ધર્મ ગયો ડુબી જગમાંથી, હવે રહી આશા શાની;
બ્રાહ્મણ ક્ષત્રિય વૈષ્ય વગેરે, એક સરિખાં સૌ પ્રાણી.

કેશ રૂપાળા થયાં એટલે, મુખ દર્પણમાં ભાળે છે;
હજામની ખુરશીપર બેસી, પુન્ય પોતાના બાળે છે.
હતાં એજ કપડાંકે બીજાં, સોગંદ દઇ પુછો એને;
નહીંતો બૈરી મરિ જવાની, એમ કહો મુખથી તેને.
બાપ મુવો તો મરિ જવાદો, બૈરિ તો કાયમ છેને;
ખુશી થશું દેખીને મોહું, વિચાર ઉપજ્યા છે જેને.
હજામના અડકેલા છાંટા, સૌ કપડાપર ઉડે છે;
જમવા આવ્યો ઘેર એટલે, ત્રણ ત્રણ ગજ ત્યાં કુદે છે.
કેમ અલી છે વાર કેટલી, રસોઈને સાચું કહેની;
ટાઈમ લેટ થઇ ગયો અમારો, પીરસી તું મુજને દેની.
જલથી મોહું સાફ કરીને, ભાણા પર જમવા બેઠાં;
ડુક્કર જેવા આ લોકોને, કપડા શું નડશે એઠાં.
પટ્ટી ખાવા ગયો એટલે, ઢડાએ ધક્કો માર્યો;
ઘાટી છે ઘાટી છે કહિને, આગળ પર વધતો ચાલ્યો.
વાત કરે છે સફાઈની પણ, ચપટી ધૂળ ભરો મોંમા;
ભુંડણના પેટે જનમેલા, રાંક બનીને તું રોમાં,
સ્નાન કરો કાશીમેં જાકે, પ્રયાગમેં કછુ પુન્ય કરો;
જમુના પાન કરો મથુરાંમે, પીછેં હ્યાં પર પાંઉ ધરો.
ચલા જાયગા નંગા હોકે, વહાંપરભી ઐસી જુતી;
ભાગલીયોંકા કહેના માનો, એહિ હમારી હય ડચુટી.

કવાલી.

અજાયબ આ બધાં ખેલો, જોવામાં આજ આવે છે;
પોતાના બાપદાદાની, લોકો લજ્યા ગુમાવે છે.

પહેરે મલમલ તણી ધોતી, સ્ત્રીયો જ્યાં ત્યાં રહે રોતી;
ચુલામાં આગના વાંધા, જોવામાં આજ આવે છે.

પ્રથમ ગાયો તણા દરશન, કરી લોકો થતાં પરસન;
તેના બદલે જબર ઘોડા, જોવામાં આજ આવે છે.

ઉછીના લઇ જતાં રૂપીયા, આપ્યા કેડે થતાં સુખીયા;
દાનત ખોટી કરે તેવા, જોવામાં આજ આવે છે.

વરસ ચાલીસનું દેણું, ચુકવતાં છોકરા તેનું;
હાથે લઇને બુડવનારા, જોવામાં આજ આવે છે.

લાખો રૂપીયા છતાં પાગલ, દિઠાં કોઇએ હતાં આગલ;
પોતાનું પેટ ભરનારા, જોવામાં આજ આવે છે.

જેવી દાનત તેવી બરકત, કરિશ જયરામ નહિં હરકત;
ઉંધે માથે લટકનારા, જોવામાં આજ આવે છે.

તાબેદારનો તમાસો

યાને

હલકા નોકરની હલ્લાકી ૧૯.

મ્હેતો મેહેતાણીને કહે છે–કવાલી.

મજુરી સખ્ત છે મારી, છતાં પુરૂં નથી પડતું;
મંડયો છું રાતને દહાડી, છતાં પુરૂં નથી પડતું.

અભાગી શેઠ છે મારો, ગરિબની ઘાત કરનારો;
રૂપૈયા વિસ આપે છે, છતાં પુરૂં નથી પડતું.

કદર મુદ્દલ નથી કરતો, વળી જ્યાં ત્યાં દિસે ફરતો;
ખાદિના વસ્ત્ર પહેરૂં છું, છતાં પુરૂં નથી પડતું.

તું પણ તેવીજ છો પ્યારી, ગયો અમથો નથી હારી;
પરોણો એક જો આવે, છતાં પુરૂં નથી પડતું.

કથન કરતો નથી હમણાં, કરિશ નુકશાન તું બમણા;
સબુરીના ફળો મીઠાં, છતાં પુરૂં નથી પડતું.

નગર મુંબઈ તણાવાસી રૂપૈયાથી ગયા ત્રાસી;
કમાવે છે બસો લગભગ, છતાં પુરૂં નથી પડતું.

સ્વતંત્ર વર્ગ છે સુખીયા, બીજા જાણો બધા દુઃખીયા;
લખી જયરામ બતલાવે, છતાં પુરૂં નથી પડતું.

શેઠ નોકરને કહે છે–કવાલી ૨.

ફેરવશો જો કદી માથું, રજા આપીશ હું તમને;
તમો ભાગી જશો તેની, કશી પરવા નથી અમને.

ઉંઘી ઉંઘી તમો આવો, બીડી પીવા પછી ધાવો;
વાગ્યા દસ કે જવું જમવા, રજા આપીશ હું તમને.

ફરિ બે વાગશે જ્યારે, રખડતા આવશો ત્યારે;
એવું અમને નહિં ચાલે, રજા આપીશ હું તમને.

કલમ પણ કયાં અરે નાખી, જુવો આ દોતમાં માખી.
ન જાણું છો તમો કેવા, રજા આપીશ હું તમને.

શેઠાણી જાય છે તે કયાં, પુછી આવો તમો જઇ ત્યાં;
ખુલાસો તુર્ત લઇ આવો, રજા આપીશ હું તમને.

શેઠાણી જો પેલી આવી, મંગાવે છે દેખું ચાવી;
નવા ઘડીઆલ પર ટાંગી, રજા આપીશ હું તમને.

દિવાળીના દિવસ આવ્યા, નવિન રંગો નથી લાવ્યા;
પૂજેતી થાય છે મારી, રજા આપીશ હું તમને.

અમો છું શેઠીયા કેવા, સવારથ સાધીયે તેવા;
નોકરની દાદ નવ લઇએ, રજા આપીશ હું તમને.

ઝાડુ કાઢી તમો નાખો, બીછાના પણ કરી રાખો;
ભાગલીયા શું કહે છે જો, રજા આપીશ હું તમને.

કચ્છી કાવ્ય

યાને

વિયોગી સ્ત્રી. ૨૦

રાગ ડેઉચે આઉં ન છડીયાં તલવાર.

આઉં દુઃખી અઇંઆં દિલદાર,
દુઃખી અઇંઆં દિલદાર, સાંઇંઆં મુંઝો બેડો લગાય દે પાર. ટેક
નિંઢપણમેં માં મરિ સુતિને, પેઅે પણ આય લાચાર. આંઉ
ઝીવ ઝોરાઇંએં કઢી વિઝાંકી, જમ ડીયન ઝોડેંઝી માર. આંઉં
સારેંમેં પણ નાય ડીંધલ કોય, માનીઝો કીડતાર. આંઉં
ઉપાય મુંઝા મીળે થકાઆંઉ, મુઇસ હાંણું તાં ઠાર. આંઉં
જયરામ ચએ મુંઝા પ્રાણ વલ્લભ, તોઝી લીલા અપરમપાર. આંઉં

ઇશ્વર પાસેથી માગેલી મદદ.

રાગ કચ્છી કાફી.

વાલીડા મુંઝી વારે ચઢીને અચો,
અઇંઆં અપરાધી તોઝોની સચો, વાલીડા મુંઝી વારે ચઢીને અચો

કર્મ કુડા ઝોકી મુંકયા હુંધા, તેંઝો મીડંઘો કયાંથી તાં પતો
વાલીડા.
સુખમેં સઇયારો આય મીણીઝો, પણ દુઃખઝો બેલી ન બચો.
વાલીડા.
પાપેઝી શીક્ષા ડીણુમેં મુંઝાનાથ, નઇંએં તું તાં કીં કચો. વાલીડા.
જયરામ ચએ આઉં સરણે થીયાતો, મનમેં ફુલાયતા પચો.
વાલીડા.

ઇશ્વરે આપેલી ભકતને શાબાસી.

રાગ ઉપર પ્રમાણે.

જીવલડા આઉં વિસરિવિના કીં તોકે,
વિસરિ વિના કીં તોકે, જીવલડા આઉં વિસરિ વિના કીં તોકે.
હિરંઘે ફિરંઘે મુંઝો નાલો ગીનેતો, તું મનઝો મંધીયડો રોકે.
જીવલડા.
પંઢઝા નીયમ મીળે સાચવિયે તો હી, સરિર ભલેંતો સુકે.
જીવલડા.
પ્રેમ તોઝો આઉં ઠીક ડીસાંતો, ધુનીયાંમેં રોતું સુખે. જીવલડા.
જયરામ ગુણ નીત્ય ગાય મુંઝાતો, ન્યારો કથપણ ઇ કીંયતો ચુકે.
જીવલડા.

વેંધીરા થાનું

તોજો.

કીં કમ નાંય ૨૧.

કચ્છી કવાલી.

લગો આંસેં મુંજો નેડો, રખડૅંધી કો છડે ડચોતા;
નમું નુંતાં ઝરાન્યાર્યો, રખડૅંધી કો છડે ડચોતા.

દેખાડયો ખોડકે ખાપણ, ખવાણી આયકીં થાપણ;
ગરિબ ઘરઝી અઈઆં બેટી, રખડૅંધી કો છડે ડચોતા.

અગરજો પાપ હી નડૅંધા, વઘર મોતે કિતક મરૅંધા;
સુણોતાં ગાલ હી મુંઝી, રખડૅંધી કો છડે ડચોતા.

અસીં ઝેડયું અઈંયું તેડયું, કરજ આંજો, વિઠા ફેડયું;
વિયાણી નાંય માં કેંઝી, રખડૅંધી કો છડે ડચોતા.

નતાં ખ્યોં દુધ ઘી સક્કર, નતા માર્યું કીતે ચક્કર;
ભીગાડયું કીં નતા આંજો, રખડૅંધી કો છડે ડચોતા.

સુંવાળી આય કેર એડી, ફીરે પૈ રાતડીં ભેડી;
દયા કિંતાં ઝરા આણ્યો, રખડૅંધી કો છડે ડચોતા.

વિચાડો પે મુંજો ભોરો, ડીસી આંકે વિઠે ઘોડયો;
મીઠેવાણી મુંઝી બાઈ, રખડૅંધી કો છડે ડચોતા.

ખરોખર આય હી અરજી, ખરિ સાહેબજી મરજી;
જોશી જીકે પુછી ન્યાર્યો, રખડેંધી કો છડે ડયોતા.

કવાલી.

કસુંબો લાલ પહેરેને, સીધી વાટે સટકધીંસે;
દર્શણુ ઝો નાં ગીની આઉં, સીધી વાટે સટકધીંસે.
બીડે કોઇ માર્ગમેં માડુ, ભલે કઢંધો હુવે ઝાડુ;
પસંદ આવ્યો કહી મનકે, સીધી વાટે સટકધીંસે.
રખું મુદ્દલ નતાં ખટકો, પેની પગઝો કર્યું લટકો;
પછાડે બ્રહ્મચારીકે, સીધી વાટે સટકધીંસે,
વિચાડા કેંકતાં વાંઢા, ડીસીને પોનતા માંધા;
ગીનીને જીવ કેકેઆં, સીધી વાટે સટકધીંસે.
પસંદ કરીસું અસી ઝેંકે, કરેહ્યું ન્યાલ પણુ તેંકે;
ઇચ્છા પુરણ કરે ડઇને, સીધી વાટે સટકધીંસે.
સુણીને હી અજબ લીલા, રખે મનઝા થીયો ઢીલા;
ભાગલીએ કે કુરો, સુતક, સીધી વાટે સટકધીસે.

જંગલની જડી બુટ્ટી

યાને

વૈરાગ્યનો અરિસો—ખ્યાલ ૨૨.

ઇશ્વરની છે પાસ અંધારૂં, એમ અલ્યા તું લેખે છે;
પણ તેતો સૌ કર્મ તમારા, ગુપ્ત નજરથી દેખે છે.

પ્રજા હાલની નવી જુવો તો, અધમ કૃત્ય આચરનારી;
છેતરવું આદી કર્મોથી, દ્રવ્ય પરાયું હરનારી.

પુસ્કળ મોહ અને મમતા પણ, મુખનું નૂર ઉતારે; છે;
જે વસ્તુપર ઘણો પ્રેમ તે, કુદરત નાશ પમાડે છે.

વૃદ્ધ થયા તે છતાં વિષયપર હજુ. બડી દેખું મમતા;
કુલીન સ્રીયોનો ત્યાગ કરિને, ઠેક ઠેકાણે છો ભમતા.

ત્રણ કલાકથી વાટ જોઉં છું, ગઇતી રાંડ કહીદે ક્યાં;
નહિં તો તારી આ જોડાથી, મુંડ રંગી નાખું છું હ્યાં.

સ્રીયે કહ્યું કે જા જા મૂરખ, મારનાર સૌ મરિ ગયા;
લક્ષણ હું જાણું છું તારા, રખે જતો ભુલીને ક્યાં.

પરમેશ્વરની પૂર્ણ કૃપાથી, બુટ્ટી પ્રાપ્ત થઇ જ્યારે;
ભાગલીયાએ સર્વ હકીકત, લખી બતાવી છે ત્યારે.

ઉતર કવાલી.

મલી ઉસ્તાદ તું મુજને, બચ્ચો તેથીજ હું પ્યારી;
નહીં તો ધર્મનાં સોગંદ, ન મુકત પારકી નારી.

પીતા કાયમ હતા જ્યારે, રખડતો હું હતો બહારે;
ખોટી આદત પડી મુજને, કીધી પૈસા તણી ખ્વારી.

ગયાતા રાંડ લઇ ભાગી, ઠોકર કેવી જુવો લાગી;
મને મળતી નથી સુદ્દલ, વરસમાં એક બી સાડી.

હોટલમાં સર્વ કોઇ પેઠા, પાણી પીવા મંડયા એઠાં;
ગંગા જમુના સોડાવૉટર, લીંબુ લાગ્યા સુખાકારી.

ભંગી ને ઢેડ અલબેલા, મારે છે લોકને ઠેલા;
વગર નાહ્યા ઘુસે ઘરમાં, વટલવાની બધી પાલી.

અલી રહી જા હવે છાની, વચન મારૂં જરા માની;
બતાવ્યો તેં મુને રસ્તો, હું પણ એથી ગયો હારી.

બાવીસે અંક છે કેવા, અમુલ્ય રત્નની જેવા;
કહે જયરામ સૌ વાંચો, ભલામણ એજ છે મારી.

સમાપ્ત.



Printed by R. H. Patel, at Krishna P. Press, Anantwa